જ્વેલર્સ લૂંટ: મુખ્ય આરોપી ૯ દિવસના રિમાન્ડ પર

બે સાગરીતોના પાંચ પાંચ દિવસનાં રિમાન્ડ

બીલીમોરા: બીલીમોરા ચંચલ જવેલર્સમાં મંગળવારે બે રાઉન્ડ ફાયરીંગ કરી લૂંટનો પ્રયાસ કરનારા ત્રણ લૂંટારુંઓને પોલીસે ગુરુવારે નામદાર ગણદેવી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ટોળકીનાં મુખ્ય સૂત્રધાર ઉમંગ વાછાણીનાં ૯ દિવસના અને તેના બે સાગરીતોના પાંચ પાંચ દિવસનાં રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

આરોપીઓને ગુરુવારે ગણદેવી નામદાર કોર્ટમાં રજૂ કરાયા હતા. પોલીસે ગુનામાં વાપરેલી રિવોલ્વર શોધી કાઢવા તેમજ આ લૂંટના તાણાવાણા મેળવવા, બીલીમોરામાં નાનકડી અને સામાન્ય જવલર્સની દુકાનમાં લૂંટ પાછળનાં કારણોની તપાસ કરવા પોલીસે પકડેલી લૂંટારું ગેંગના મુખ્ય સૂત્રધારના ૧૨ દિવસના રિમાન્ડ માંગણી કરી હતી. કોર્ટે મુખ્ય આરોપી ઉમંગ દિલીપભાઈ વાછાણી (ઉ.વ.૨૫, રહે., ભાનુવિલા એપાર્ટમેન્ટ, તિથલ રોડ, વલસાડ)ના આગામી ૧૭'મી એપ્રિલ એટલે કે ૯ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. જ્યારે તેના સાગરીત મનોજ ઉર્ફે આકાશ રાજુભાઇ સૂર્યવંશી (ઉ.વ.૨૩, રહે., આકાશ ગંગા એપાર્ટમેન્ટ, હાલર રોડ વલસાડ) અને રજનીકાંત ઉર્ફે રાજુ શશીકાંત મકવાણા (ઉ.વ.૩૯, રહે., સરદાર હાઉસ, તીથલ રોડ, વલસાડ)ના પાંચ-પાંચ દિવસના પોલીસ રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

બાલાજી વેફર્સ સામે 1000થી વધુ કોન્ટ્રાક્ટ કર્મચારીઓને વાંધો

બાકી નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ નહીં ચૂકવાઈ હોવાનો કર્મચારીઓનો આક્ષેપ

વલસાડ: વલસાડ નજીકના ડુંગરી સ્થિત જાણીતી કંપની બાલાજી વેફર્સ પ્રા. લિ. ફરી એકવાર વિવાદમાં આવી છે. વર્ષોથી ફરજ બજાવતા 1000થી વધુ કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ તેમની બાકી નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ વ્યાજ સાથે મેળવવા માટે ઉગ્ર માંગણી કરી છે. આ અંગે કર્મચારીઓએ નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી, વલસાડમાં લેખિત રજૂઆત પણ કરી છે.

કર્મચારીઓના જણાવ્યા અનુસાર, બાલાજી વેફર્સમાં વર્ષ 2012થી 2025 સુધીમાં 1000થી વધુ કર્મચારીએ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કર્યું છે. શ્રમ કાયદા મુજબ, જે કર્મચારીએ 5 વર્ષ કે તેથી વધુ સમય સુધી નોકરી કરી હોય અને રાજીનામું આપ્યું હોય, તે ગ્રેચ્યુઈટીમેળવવા માટે હકદાર બને છે. જોકે, આક્ષેપ છે કે, કંપનીના એચ.આર. વિભાગ દ્વારા આજદિન સુધી કોઈ પણ કોન્ટ્રાક્ટ કર્મચારીને આ રકમ ચૂકવવામાં આવી નથી. નિયમ મુજબ રાજીનામું આપ્યાના ૩૦ દિવસમાં ગ્રેચ્યુઈટીચૂકવી દેવી જોઈએ. કર્મચારીઓ જ્યારે પણ રજૂઆત કરવા જાય છે, ત્યારે એચ.આર. વિભાગ દ્વારા માત્ર 'ગોળ-ગોળ' ફેરવવામાં આવે છે અને સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી.

યુવતીના નગ્ન વિડીયો ઉતારી રૂપિયા પડાવનારનાં જામીન નામંજૂર

વલસાડ: વાપીના યુવાને એક યુવતી સાથે વિડીયો કોલ પર નગ્ન ચેટ કરી તેનો વિડીયો ઉતારી લીધો હતો. જેના બદલામાં યુવકે તેણીને બ્લેકમેલ કરી પૈસા પડાવ્યા હતા. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી મુક્ત થવામાં તેણે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સુનવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ અરજી નામંજૂર કરી છે. વાપીના મોહમદમસાદાબ મઝહરઅલી શેખની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી હતી. તેણે યુવતીને બ્લેકમેલ કરી રૂ. 5400 પડાવ્યા હતાં. ત્યારે યુવતીએ તેની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા તેણે કરેલી અરજી જજે નામંજૂર કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં કેમિકલ ડ્રમ ભરેલો ટેમ્પો ભડભડ સળગી ઊઠ્યો

વાપી ડુંગરા-ડુંગરી ફળિયા માર્ગ પર કેમિકલ ડ્રમ ભરેલા ટેમ્પોમાં સાંજના સમયે આગ લાગી હતી. આગ લાગતા જ આ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગની જાણ તરત જ ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી જીઆઈડીસી યુનિટ-1-2 અને વાપી મનપાની ફાયર ફાઈટરોની ટીમ પહોંચી ગઈ હતી. કેમિકલ ડ્રમ હોય જેથી ફાયર ટીમ દ્વારા ફોમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને કલાકની જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો.

બલીઠામાં વાહનની ટક્કરે યુવક ઈજાગ્રસ્ત

વાપી: બલીઠા સાંઈ નક્ષત્ર સોસાયટીમાં રહેતા સંદિપ રાજેન્દ્રભાઈ યાદવ (ઉ.વ.29) તેમનો ભાઈ સંતોષ યાદવ મધ્યરાત્રિએ મોપેડ લઈને બલીઠા ને.હા.નં.48 મુંબઈથી સુરત જતાં સર્વિસ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો તે સમયે કોઈક વાહનની ટક્કર લાગી હતી અને સંતોષના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તરત જ ખાનગી વાહનમા વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો. વાપી ટ્રાફિક પોલીસમાં અકસ્માત કરનાર અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

નારણપોરમાં જુગાર રમાડતો એક ઝડપાયો

ખેરગામ: ખેરગામ પોલીસની ટીમે ખેરગામ તાલુકાના નારણપોર ગામમાં જલારામ ફળિયામાં આંબાના ઝાડ નીચે જાહેર જગ્યામાં રેઇડ કરી ચંપક મેઘલાભાઈ પટેલને જુગાર રમાડતા ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અંગઝડતી કરતાં રોકડા રૂપિયા 2,340 તેમજ વરલી મટકાના આંકડા લખેલી કાપલીઓ મળી હતી.

બિલ્ધા ચેકપોસ્ટ પાસેથી ચોરીના મુદ્દામાલ સાથે બે ઝડપાયા

ધરમપુર: ધરમપુર વિસ્તારમાં ચોરીના વધતા બનાવોને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા કડક ચેકિંગ દરમિયાન શંકાસ્પદ વાહનને અટકાવી તપાસ કરતાં ચોરીમાં ગયેલ હિરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ તેમજ સબમર્શિબલ પંપ મળી આવ્યા હતાં. પૂછપરછમાં મનુભાઈ કાશીરામભાઈ થોરાટ (ઉ.વ.19, રહે., સજનીબરડા, ધરમપુર) તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરની સંડોવણી સામે આવી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી કુલ રૂપિયા 42,450નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ધરમપુરમાં પ્રોહિ. ગુનાનામાં વોન્ટેડ ઝડપાયો

ધરમપુર: ધરમપુર પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે, પ્રોહિ.ગુનામાં છેલ્લા સાત મહિનાથી ફરાર જન્મેજય ઉર્ફે કનુ બાબુભાઈ ભેંસરા (ઉ.વ.31, રહે., નાની વહિયાળ, મંદિર ફળિયા, દરગાહની બાજુમાં, તા. ધરમપુર) ને ઝડપી પાડ્યો હતો. તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહારાષ્ટ્રના ઠગાઈ કેસમાં ફરાર આરોપી ઝડપાયો

નવસારી: નવસારી જિલ્લામાં ગુનાખોરી સામે ચાલી રહેલી સઘન કામગીરી દરમિયાન લોકલ ક્રાઇમ બ્રાંચ (એલસીબી)એ મહારાષ્ટ્રમાં ધુલે જિલ્લામાં આવેલા નિઝામપુર પોલીસમથકે નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી સતીષ રાજુભાઈ પટેલ (ઉ.વ.34, રહે., વાઘલધરા, જિ. વલસાડ) લાંબા સમયથી ફરાર હતો. નવસારી એલસીબી દ્વારા કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આરોપીને વધુ તપાસ માટે મહારાષ્ટ્ર પોલીસને સોંપવામાં આવ્યો છે.

દમણમાં માર્ગ અકસ્માતમાં યુવાનનું મોત

દમણ: સંઘપ્રદેશ દમણમાં માર્ગ અકસ્માતમાં એક પરપ્રાંતિય બાઈક સવાર યુવાનનું કરૂણ મોત નીપજવા પામ્યું છે. મળતી માહિતી પ્રમાણે બુધવારની મોડી રાત્રે કચીગામની વીરલભાઈની ચાલમાં રહેતો અને મૂળ પટના, બિહારનો રહેવાસી 21 વર્ષીય અમિત ઉપેન્દ્ર રાય મોટરસાઈકલ (નં. DD 03 Q 6833) પર સવાર થઈને પૂરપાટ ઝડપે જઈ રહ્યો હતો ત્યારે અચાનક કોઈ કારણસર યુવાનનું સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં તે સીધો ડિવાઈડર પાસેના વીજ પોલ સાથે ધડાકાભેર અથડાઈને રસ્તા પર પટકાયો હતો અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજયું હતું.

વાપી મનપાની મતદાર યાદીમાંથી સુધારા માટે હાઈકોર્ટનો હુકમ

કોંગેસના ઉમેદવાર બનવા માંગતા વકીલનું નામ મતદાર યાદીમાં ઉમેરો

શશાંકકુમાર મિશ્રાનું નામ મનપાને બદલે વાપી નોટિફાઈડ એરિયામાં સામેલ કર્યુ હતું

વાપી: વાપી મહાનગરપાલિકાના વોર્ડ નં.૫ના મતદાર તેમજ કોંગ્રેસના ઉમેદવાર બની શકે તેવા એડવોકેટ શશાંકકુમાર મિશ્રાએ તેમનું નામ મનપાની મતદારયાદીમાંથી બાકાત કરીને વાપી નોટિફાઈડ એરિયાની મતદારયાદીમાં સામેલ કરવામાં આવ્યું હોવાથી વાંધો ઉઠાવી ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન કરતાં ગુરુવારે ગુજરાત હાઈકોર્ટના બે જજ દ્વારા વાપીના એડવોકેટ શશાંકકુમારનું નામ વાપી મનપાની યાદીમાં સામેલ કરવા તેમજ તે ઉમેદવારી કરવા માંગે તો ઉમેદવારી કરી શકે તેવો હુકમ કર્યો હતો.

બીજા અને ત્રીજા માળના રહેવાસીનું નામ સામેલ ચોથાનું બાકાત

શશાંકકુમાર મિશ્રાના બ્લોક નંબર E-405, રાજમોતી-2, છરવાડા રોડ, વાપી, વલસાડના રહેવાસી છે. તેમણે રજૂઆત કરી કે મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 5 ની યાદી મુજબ, બ્લોક નંબર E ના પહેલા, બીજા અને ત્રીજા માળના રહેવાસીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ અરજદાર તે જ બ્લોકના ચોથા માળે રહેતા હોવા છતાં તેમનું નામ બાકાત રાખવામાં આવ્યું છે. તેવી અરજદાર શશાંકકુમારના વકીલની દલીલ બાદ ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એન. એસ. સંજય ગૌડા અને જસ્ટિસ જે. એલ. ઓડેદરા દ્વારા રિટ પિટિશન મંજૂર કરી વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 5 ની મતદાર યાદીમાં શશાંકકુમારનું નામ સામેલ કરવા તેમજ ચૂંટણી માટે તે ઉમેદવારી નોંધાવવા હકદાર રહેશે તેવો હુકમ કર્યો હતો.

મનપાએ ચાર અરજીનો હકારાત્મક નિકાલ કર્યો

વાપી મનપાએ મતદાર યાદી જાહેર થયા બાદ ચાર જેટલી અરજીનો હકારાત્મક નિકાલ કર્યો હતો. ૧ એપ્રિલે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ થઈ હતી. શશાંક મિશ્રા 3 એપ્રિલના રોજ ઇમેલથી તેમનું નામ વોર્ડ નં.૫માં સામેલ નથી તેની મનપાને જાણ કરી હતી. તેમનું નામ સેકશન નં.૦૧-નવા સી ટાઈપ, છરવાડા-૬માં દર્શાવ્યો હોવાથી તેમજ સમયસર વાંધો રજૂ નહીં કર્યો હોવાથી મનપાની યાદીમાં સમાવેશ થયો ન હતો.

રાજકીય પક્ષોના ઉમેદવારો ફોર્મ ભરવા વાજતે-ગાજતે પહોંચ્યા

ધરમપુરના કરંજવેરી, માંકડબંધ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યું

ધરમપુર, વાપી: વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે વોર્ડ નં-6માં રાખી બિપિન તોમર અને હારૂન ઇસ્માઇલ શેખે ઉમેદવારી નોંધાવી હતી. વોર્ડ નં.7માંથી જગજીવભાઇ રઘુભાઇ રાઠોડ, જીગેશભાઇ સેવંતુભાઇ નાયકા, વોર્ડ નં-10માં સ્મિતાબેન રાકેશકુમાર પટેલ અને અજયકુમારશ શશીકાંત મહેતાએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે ધરમપુર તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કોંગ્રેસ પાર્ટીએ જોરદાર શરૂઆત કરી છે. કરંજવેરી બેઠક પર શીતલબેન નરેન્દ્રભાઈ ચૌધરી અને માંકડબંધ બેઠક પર વનીતાબેન રવજીભાઈ ચૌધરીએ ઉમેદવારી ફોર્મ ભરી ચૂંટણી અભિયાનના શ્રી ગણેશ કર્યા હતા. આ પ્રસંગે આસુરા ચોકડી પર આવેલા કોંગ્રેસ કાર્યાલયથી બંને ઉમેદવારોના સમર્થનમાં ભવ્ય રેલી યોજાઈ હતી. આ અવસરે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલ અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલે હાજરી આપી હતી. મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટતા જાણે ચૂંટણીની મોસમ જામી હતી.

પારડી તા.પં.ની ઉમરસાડી 1-2 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ ભર્યા

પારડી: પારડી તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારે કાર્યકર્તાઓ સાથે ફોર્મ ભર્યું હતું. જેમાં પારડી તાલુકાના ઉમરસાડી 1 બેઠક પર રમેશ કીકુભાઈ હળપતિ અને ઉમરસાડી 2 બેઠક પર કિશોર રવિયાભાઈ હળપતિએ ચૂંટણી અધિકારી એસ.વી. ભગોરા સમક્ષ દાવેદારી નોંધાવી હતી. તેઓના સાથે કોંગ્રેસના કપિલ હળપતિ, દર્શન પટેલ, સતિષ પટેલ, જીતેશ હળપતિ, રૂપેશ નાયકા, રાજુ હળપતિ વગેરે કોંગ્રેસ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં. ભાજપના એક પણ ઉમેદવારોએ કોઈ ફોર્મ ન ભર્યા હતા.

કપરાડામાં કોંગ્રેસના ત્રણ જિલ્લા પંચાયતોના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

વલસાડ: કોંગ્રેસ દ્વારા બુધવારે કપરાડા મામલતદાર કચેરીમાં નાયબ ડીડીઓ સામે સિલધા, મેઘવાળ અને આસલોણા જિલ્લા પંચાયત બેઠકો માટે ઉમેદવારોએ ઉમેદવારી પત્રકો ભર્યા હતાં. મોટી સંખ્યામાં સમર્થકો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. આસલોણા બેઠક માટે સુરેશ કામડી, સિલ્ધા બેઠક માટે જશોદાબેન કિરણભાઈ જાદવ અને મેઘવાળ બેઠક માટે સવિતાબેન બાબુભાઈ ગાંગડા ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા છે.

મોગરાવાડી અંડરપાસમાં રેલવેનું ઝરણું, ભીના થાવ પસાર થાવ

■ વલસાડના મોગરાવાડી અંડરપાસમાં છેલ્લા ત્રણ દિવસથી પાણી પડી રહ્યું છે. જેને લઈ અહીંથી અવરજવર કરનારા વાહનચાલકો ત્રસ્ત બની ગયા છે. રેલવે વહીવટીતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ અંગેનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

વલસાડની લો કોલેજના 'ઈન્ચાર્જ' આચાર્યા 'ચાર્જ' વગરના થઈ ગયા

કથિત ગેરરીતિઓ અને વિદ્યાર્થી અહિતના વિવાદ સામે એબીવીપીએ વિરોધ કર્યો હતો

વલસાડ: વલસાડની લો કોલેજમાં કેટલીક કથિત ગેરરીતિઓ અને વિદ્યાર્થી અહિતનો વિવાદ ચાલી રહ્યો હતો. જોકે સમગ્ર પ્રકરણમાં એ.બી.વી.પી. દ્વારા કરાયેલા વિરોધ પ્રદર્શન બાદ આખરે તપાસ હેઠળના ઈન્ચાર્જ આચાર્યા પાસેથી ચાર્જ લઈ લેવા ઉપરાંત એની એક પ્રાધ્યાપકને અન્ય યુનિવર્સિટીમાં મોકલવા સહિતના પગલાં મંડળ દ્વારા લેવાતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વલસાડ એકમ દ્વારા મંડળનો આભાર માન્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, વલસાડની નૂતન કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એમ. લો કોલેજમાં વિવિધ આક્ષેપો સાથે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. જે મુદ્દે વિદ્યાર્થીઓએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને જાણ કરતાં એ.બી.વી.પી. દ્વારા કોલેજ મંડળને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા ગત 3 એપ્રિલે ભારે વિરોધ પ્રદર્શન કરતાં મંડળ દ્વારા કાર્યવાહી થશે તેમ જણાવ્યા બાદ મંડળ દ્વારા માંગણી મુજબ જેમની સામે તપાસ ચાલી રહી છે એ ઈન્ચાર્જ આચાર્યા પાસેથી ચાર્જ લઈ લેવામાં આવ્યો છે. ઉપરાંત અન્ય એક પ્રાધ્યાપકને અન્ય યુનિવરસિટીમાં મોકલવા સહિતની કાર્યવાહી કરતાં એ.બી.વી.પી. દ્વારા આવનારા સમયમાં કરનારું આંદોલન સમેટી લીધું છે. નોંધનીય છે કે, કેટલાક મુદ્દે એ.બી.વી.પી. દ્વારા કોલેજના વડા અને કેટલાક પ્રોફેસરો સામે કેટલાક આક્ષેપો સાથે આંદોલન શરૂ કર્યું હતું. આ અંગે એ.બી.વી.પી. ના ગુજરાત પ્રદેશ સ્ટેટ યુનિવર્સિટી સંયોજક હર્ષ આહિરે જણાવ્યું કે, મંડળ સમક્ષ ઈન્ચાર્જ આચાર્ય સહિત જેમની સામે તપાસ ચાલી રહી છે એ તમામને તપાસ દરમિયાન ફરજ ઉપરથી દૂર કરવામાં આવે જે માંગણી સ્વીકારી ઈન્ચાર્જ આચાર્યા પાસેથી ચાર્જ લઈ લેવામાં આવ્યો છે.

બ્રિજ નિર્માણનું જીવના જોખમે કામ કરતાં કામદારો

વાંસદા: વાંસદા તાલુકાના ભીનાર ગામે વાપી - શામળાજી હાઈવે નંબર 56 ઉપર કાવેરો નદીના પુલનું નિર્માણ થઈ રહ્યું છે. પરંતુ પુલના બાંધકામમાં કામ કરતાં કામદારોના જીવ જોખમમાં મૂકી કામ ચાલી રહ્યું છે. કામદારોની સુરક્ષા માટે ડિમોલિશન કે ઊંચાઈ પર કામ કરતી વખતે કોન્ટ્રાક્ટરે શારીરિક રીતે સક્ષમ અને સુરક્ષિત કામદારોને જ કામ પર રાખવાના હોય છે, ઉપરાંત તેમના માટે હેલ્મેટ, જેકેટ અને સેફ્ટી બેલ્ટ ફરજિયાત હોવા છતાં ભીનારના આ પુલ નિર્માણ દરમ્યાન આશરે ૭૦થી ૮૦ ફૂટની ઊંચાઈએ કામદારો સેફ્ટી બેલ્ટ કે અન્ય સુરક્ષા સાધનો વિના પોતાના જીવના જોખમે કામ કરતાં જોવા મળ્યા હતા. આવા સંજોગોમાં કામદાર સાથે ગંભીર અકસ્માત કે મૃત્યુનું કારણ બની શકે.

મરોલી-નવસારી રોડ પર કાર પલટી ખાઈ સામેના ટ્રેક પર પહોંચી, એકનું મોત

કારમાં સવાર અન્ય ત્રણ શખ્સને ગંભીર ઈજા

નવસારી: નવસારી-સુરત સ્ટેટ હાઈવે પર કોલાસણા પાટીયા નજીક બનેલી ગમગીન ઘટનાએ ફરી એકવાર ઝડપ અને બેદરકારીના ખતરાને ઉજાગર કર્યો છે. મરોલી ચાર રસ્તા તરફથી નવસારી તરફ આવી રહેલી સ્વિફ્ટ ડિઝાયર કાર અચાનક નિયંત્રણ બહાર નીકળી ગઈ હતી અને જોરદાર અથડામણ સાથે ડિવાઈડર પાર કરીને પલટી ખાઈ સામેના ટ્રેક પર પહોંચી ગઈ હતી. કારમાં સવાર એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. કારમાં કુલ ચાર લોકો સવાર હતા, જેમાંથી બાકીના ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટના બનતા જ હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા, જ્યારે પોલીસ ટીમ પણ ઝડપથી સ્થળ પર પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. થોડા સમય માટે ટ્રાફિક પણ પ્રભાવિત રહ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ વાહનચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હોવાનું લાગી રહ્યું છે, જોકે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

એક કોલમાં ઉકેલ: ચૂંટણી માટે નવસારીમાં હેલ્પલાઈન શરૂ

દરેક પ્રશ્નનો એક ફોન કોલ પર જવાબ મળી જશે

નવસારી: નવસારી જિલ્લામાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-2026ને લઈને ચૂંટણી તંત્ર સંપૂર્ણ સજ્જ થઈ ગયું છે. મતદારોને કોઈપણ ગેરસમજ, પ્રશ્ન અથવા ફરીયાદ માટે હવે ઓફિસોના ચક્કર લગાવવાની જરૂર નહીં પડે, "એક કોલમાં ઉકેલ"ના ધ્યેય સાથે જિલ્લાભરમાં હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે.

નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લાપંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી દરમિયાન મતદારોને સરળ માર્ગદર્શન અને તાત્કાલિક સહાય મળી રહે તે માટે જિલ્લાથી લઈ તાલુકા અને નગરપાલિકા સુધી વ્યાપક હેલ્પલાઈન નેટવર્ક ઊભું કરાયું છે. મતદાર યાદીમાં નામ ચકાસવું હોય, મતદાન કેન્દ્ર અંગે માહિતી લેવી હોય કે કોઈ અનિયમિતતા અંગે ફરીયાદ કરવી હોય, હવે દરેક પ્રશ્નનો સીધો જવાબ એક ફોન કોલ દ્વારા મેળવી શકાય છે.

જિલ્લા કક્ષાએ 02637-240588 નંબર ઉપલબ્ધ રહેશે.

નવસારી તાલુકા માટે 02637-258781, જલાલપોર માટે 02637-246945 તેમજ 75670 04704 મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યો છે.

ચીખલી માટે 02634-232228, ખેરગામ માટે 02634-220300, ગણદેવી માટે 02634-262436 અને વાંસદા માટે 02634-262329 નંબર કાર્યરત રહેશે. નગરપાલિકા સ્તરે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. નવસારી મહાનગરપાલિકા માટે 88784 33088 અને ગણદેવી નગરપાલિકા માટે 02634-262339 નંબર જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે મતદારોને કોઈપણ પ્રશ્ન હોય કે સમસ્યા હોય તો તેઓ આ નંબર પર સંપર્ક કરી શકે છે.

નવા વર્ષની જબરદસ્ત સ્કીમ

સ્કીમ વધુ 3 દિવસ માટે લંબાવવામાં આવી છે.
9,10,11 એપ્રિલ 2026

5.9% મજૂરી પ્લેન ગોલ્ડ જ્વેલરી
9.9% મજૂરી કલકતી, એન્ટીક, પોલકી, જડાઉ

નવસારીમાં અમારી કોઈ બ્રાન્ચ નથી

DIAMOND • PLATINUM • GOLD • SILVER • ANTIQUE • GIFT ITEMS

R.A. Parikh
Jewellers NX

આ મજૂરીમાં આ માલ ક્યાંય નહીં મળશે...

*Condition Apply

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

એસબીપીપી કો-ઓપરેટીવ બેન્ક લી. (શિડયુલ્ડ બેન્ક)

હેડ ઓફિસ : પારસી સ્ટ્રીટ, કિલ્લા-પારડી-૩૯૬૧૨૫, જિલ્લા-વલસાડ.
ફોન નં.: ૦૨૬૦-૨૩૭૩૨૭૦, મોબાઈલ. નં.૬૩૫૭૯૩૭૬૦૧

"વાપી ટાઉન શાખા ના સ્થળાંતર સંબધિત કામગીરી માટે કન્સલ્ટન્ટ / ફર્મ ની નિમણુંક બાબતની જાહેરાત"

આથી જણાવવામાં આવે છે કે હાલમાં વાપી ટાઉન ખાતે આવેલ બેંકનાં મકાનનાં સ્થળાંતર બાબતે આ અંગે નો અનુભવ ધરાવતા "કન્સલ્ટન્ટ / ફર્મ" (૫ થી ૧૦ કરોડ સુધી ના કામ નો અનુભવ / વાર્ષિક ટર્ન ઓવર હોય તેવા) પાસે અરજી મંગાવવામાં આવે છે. આ ઓફર સીલ બંધ કવરમાં બેન્કની હેડઓફિસ, પારડી ના ઉપરોક્ત સરનામે તા.૧૮-૦૪-૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા વિનંતી. કવર પર "બેન્કની વાપી ટાઉન શાખાના સ્થળાંતર માટે સંબંધિત કામગીરી માટે કન્સલ્ટન્ટ ની ઓફર" અવશ્ય લખવું. ઓફર સ્વીકારવાનો હક્ક બેન્કનો અબાધિત રહેશે.

કિલ્લા-પારડી
તા.૦૯/૦૪/૨૦૨૬

શ્રી રાજેશભાઈ જી. રાણા
કસ્ટોડિયન

HDFC BANK

We understand your world

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ), મુંબઈ - 400 013 અને તેની એક ઓફિસ રિટેલ પોર્ટફોલિયો મેનેજમેન્ટ: એચડીએફસી બેંક લિમિટેડ, પ્રથમ માળ, I-થિંક ટેકનો કેમ્પસ, કંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ - 400042 ખાતે આવેલી છે.

HDFC બેંક લિમિટેડ પાસે ગીરો રાખેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની વેચાણ સૂચના અને જાહેર નોટિસ

HDFC બેંક લિમિટેડ ("બેંક") ના નીચે જણાવેલ લેણદારોને આથી સિક્યોરિટીઝ સામે લોન/ઓવરડ્રાફ્ટની સુવિધા મેળવવા માટે બેંક પાસે ગીરો રાખેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે જાણ કરવામાં આવે છે.

સંમત થયેલ લોનની શરતો મુજબ બાકી નીકળતી લેણી રકમની ચુકવણી કરવામાં લેણદારો દ્વારા સતત કરવામાં આવેલી ચુકને કારણે, નીચે આપેલા લોન ખાતાઓ 'ડિલિંક્વન્ટ' (બાકી લેણાંવાળા) સ્ટેટસમાં છે. બેંકે આ લેણદારોને નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણ નોટિસ સહિત અનેક નોટિસો જારી કરી છે, જેના દ્વારા બેંકે ગીરો ટાંચમાં લીધો હતો અને લેણદારને લોન ખાતાની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવા માટે 7 દિવસનો સમય આપ્યો હતો, જે કરવામાં નિષ્ફળ જતાં બેંક આ બાબતે વધુ નોટિસ આપ્યા વિના ગીરો રાખેલી સિક્યોરિટીઝ વેચવા માટે સ્વતંત્ર રહેશે. લેણદારોએ બાકી લેણાંની ચુકવણી કરવામાં બેદરકારી દાખવી છે અને નિષ્ફળ રહ્યા છે, તેથી, બેંકે લોન કરાર હેઠળ ગીરોદાર તરીકેના તેના અધિકારોનો ઉપયોગ કરીને લેણદારો દ્વારા બેંકને ચૂકવવાપાત્ર બાકી રકમ વસૂલવા માટે 17 એપ્રિલ 2026 ના રોજ અથવા તે પછી સિક્યોરિટીઝ વેચવા / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લેણદારોને એ પણ જાણ કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, શેરબજારમાં અસ્થિરતાને કારણે ગીરો રાખેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે અને માર્જિનની જરૂરિયાતમાં વધુ તંગી ઊભી થાય, તો બેંક તેની વિવેકબુદ્ધિથી કોઈપણ વધુ નોટિસ આપ્યા વિના એક (1) કેલેન્ડર દિવસની અંદર ગીરો રાખેલી સિક્યોરિટી વેચી દેશે. ગીરો રાખેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલી રકમના સમાયોજન પછી, જો કોઈ બાકી રકમ વધશે તો તે ચૂકવવા માટે લેણદાર(ઓ) બેંક પ્રત્યે જવાબદાર રહેશે.

ક્રમ	લોન એકાઉન્ટ નંબર	લેણદારનું નામ	06 એપ્રિલ 2026ના રોજ બાકી રકમ	વેચાણ નોટિસની તારીખ
1	XXXXXXXXXX2971	રીના જીતેન્દ્રકુમાર પટેલ	9,51,019.64	07-04-2026
2	XXXXXXXXXX9632	તૃપ્તિ જયેશ વશી	7,29,849.20	07-04-2026
3	XXXXXXXXXX6498	બામણીયા હર્ષવંત સોમા	1,03,732.50	07-04-2026
4	XXXXXXXXXX7851	સંતોષ કુમાર પ્રસાદ	1,32,759.72	06-04-2026
5	XXXXXXXXXX6033	નિશા દિલીપ સોલંકી	335.82	07-04-2026
6	XXXXXXXXXX7801	રોહિત શૈલેન્દ્ર કુમાર	29,430.00	06-04-2026
7	XXXXXXXXXX9738	ટંડેલ હેમંતકુમાર ગોપાલભાઈ	6,66,796.92	07-04-2026
8	XXXXXXXXXX9365	અભિષેક કુમાર પટેલ	4,35,644.82	07-04-2026

તારીખ: 10.04.2026
સ્થળ: દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

સહી/-
એચડીએફસી બેંક લિમિટેડ.